## ભિલોડાના ગોવિંદનગરમાં ગટરના પાણીની સમસ્યાથી ત્રાહિમામ મહિલાઓનો પંચાયતમાં આક્રમક રજુઆત કરી



ભિલોડા ગ્રામ પંચાયત વિસ્તારના વોર્ડ - નંબર - ૮ અને ૯ સહિત ગોવિંદનગરના રહેણાંક વિસ્તારોમાં ગટરનું દુષિત પાણી વહેતું હોય અસહ્ય દુર્ગંધ ફેલાતા પ્રજાજનો હેરાન પરેશાન રોગચાળો વધશે તેવી દહેશત પેદા થઇ છે ગ્રામ પંચાયતમાં વારંવાર રજુઆત કરવા છતાં સ્થિતી ઠેરને ઠેર રહેતા સત્તાધીશો અને તંત્રને જગાડવા મહિલાઓએ ન છૂટકે ગ્રામ પંચાયતમાં આક્રમક રજુઆત કરવાની ફરજ પડી હતી. ચોમાસાની સિઝન દરમિયાન સાર્વત્રિક મેધ-મહેર દરમિયાન ઠેર - ઠેર અસહ્ય ગંદકી અને દુર્ગંધ ફેલાતા માખી - મચ્છરો,જીવાતનો ઉપદ્રવ વધતા રોગચાળાએ માંથુ ઉચકતા દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ગ્રામ પંચાયત વિસ્તારના વોર્ડ - નંબર ૮ અને ૯ સહિત હાર્દસમા ગોવિંદનગરના રહેણાંક વિસ્તારોમાં ગટરોનું દુષિત પાણી વહેતું હોય પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે.રોગચાળો વધશે તેવી દહેશત સેવાઈ રહી છે. ગોવિંદનગર વિસ્તારના રહેવાસી મુસ્લિમ સમાજની જાગૃત બહેનોએ ભિલોડા ગ્રામ પંચાયત,સરપંચ મુકેશભાઈ પી.ત્રિવેદીને લેખિતમાં અરજી આપી ધારદાર રજુઆત કરી હતી.અસહ્ય ગંદકી અને દુર્ગંધ ફેલાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.પીવાનું પાણી પણ દુષિત આવતું હોય પાણીજન્ય રોગચાળો આગામી સમયમાં વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.ભિલોડાના ગોવિંદનગર વિસ્તારની જાગૃત બહેનોએ જણાવ્યું હતું કે,અસહ્ય ગંદકી,દુષિત પીવાના પાણીનો પ્રશ્ન હલ નહીં થાય તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીશું,ધરણા કરીશું તેમ જણાવ્યું હતું.

## આરોગ્ય વિભાગના કર્મચારીઓના ‘મનની વાત’, મહિલા કર્મચારી ભાવૂક થઇ કહ્યું, “અમે મજબૂર છીએ”



સમગ્ર રાજ્યમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ છેલ્લા ૨૧ દિવસથી પોતાના પડતર માંગને લઈને હડતાળમાં જોડાયા છે પણ તેઓની વાત નહીં સાંભળવામાં આવતા રોષ જોવા મળી રહ્યો છે. ૨૨ મા દિવસે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કોવિડમાં દર્દીઓની સારવાર કરતા મોતને ભેટેલા કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ સાથે જ જિલ્લા કલેક્ટરને આવેદન પત્રો પણ અપાયા હતા. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગના કર્મચારીઓએ પોતાનો રોષ ઠાલવા જણાવ્યું કે, અમને ટેકનિકલ સ્ટાફ ગણવામાં નથી આવતો. પશુઓને ઈક્રજેક્શન આપનાર વેટનરી તબીબોને ટેકનિકલ સ્ટાફ ગણવામાં આવતો હોય તો તેઓ નાના બાળકો, સગર્ભા માતાઓ, નાવજાત બાળકોની સારવાર કરતા હોય છે, એટલે તેઓ ગ્રેડ પે માટે હકદાર છે. ચોથીવાર હડતાળ પાડવા પર તેઓ મજબૂર બન્યા છે. મહિલાએ પોતે ભાવૂક થતાં દર્દ ઉભરી આવ્યું અને જણાવ્યું કે, તેઓ ગ્રામ્ય વિસ્તારના લોકો સાથે આત્મિયતાના સંબંધો કેળવાયા છે. તેઓ નથી ઈચ્છતા કે કામગીરીથી અળગાં રહે પરંતુ સરકાર તેઓની વાત સાંભળતી નથી તેમ જણાવી જીલ્લાના બાળકો અને લોકોને આરોગ્યલક્ષી ભારે તકલીફ પડી રહી છે તે અમારા થી નથી જોવાતું પણ શું કરીએ મજબુર છીએ કહીં.

## ધનસુરાના પ્રસિદ્ધ ગઢીમાતાજીના મંદિરે શ્રાવણ માસમાં ૧૫,૩૧,૧૧૧ પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરાયું



અરવલ્લી જિલ્લાના ધનસુરાના પ્રસિદ્ધ ગઢીમાતાજી ના મંદિરે શ્રાવણ માસમાં ૧૫,૩૧,૧૧૧ પાર્થિવ શિવલિંગ નું નિર્માણ કરવામાં આવ્યું હતું.અરવલ્લી જિલ્લાના ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં સર્વેની મનોકામના પૂર્ણ થાય તે સંકલ્પ સાથે અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર પાર્થિવ શિવલિંગનું નિર્માણ, પૂજન, મહામૃત્યુંજય અલૌકિક અનુષ્ઠાનનું ભક્તોની સાથે આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં ભક્તો ગઢી માતાજીના મંદિરે પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરવા માટે આવ્યા હતા. જેમાં ૧૫,૩૧,૧૧૧ પાર્થિવ શિવલિંગ નું નિર્માણ કરવામાં આવ્યું.ગઢી માતાજી ના મંદિરે ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિદિન પાર્થિવ શિવલિંગનું નિર્માણ અને પૂજન કરવામાં આવ્યું હતું.જેમાં પૂજનકર્તા પંડિત શ્રી નિરંજનભાઈ શાસ્ત્રી હતા.સાથે ભક્તો એ મંદિરમાં આવેલ ગૌશાળામાં ગાયોને ઘાસચારો ખવડાવી પુણ્ય મેળવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ ના માર્ગદર્શનમાં યોજાયો હતો.આ કાર્યક્રમ માં ભાલકેશ્વર સેવા સમિતિ,ખોખરા,અમદાવાદ નો સહયોગ પ્રાપ્ત થયો હતો.જેમાં પૂજારી રામશરણદાસજી મહારાજ અને ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાની શુભેચ્છા મુલાકાત

ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ જુનાડીસા ગામના નિવૃત એએસઆઈ વિરમાભાઈ પુનડિયાના નિવાસસ્થાનની શુભેચ્છા મુલાકાત લીધી હતી.જ્યાં તેમનું વાગતા ઢોલે સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં ફુલહાર,શાલ અને ગંગાજીથી લાવેલ મોતીની માળા પહેરાવીને ધારાસભ્યનું દબદબાભેર સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડીસાવળ પરગણાના પટેલ બબાભાઈ પુનડિયાએ તેમનું સ્વાગત કરી વિસ્તારમાં રોડ અને ગટરલાઈનના પ્રશ્નો સાથે યુવાનોને રોજગારી તેમજ પછાત ગણાતા નવાપુરા વિસ્તારને અલગ પંચાયતનો દરજ્જો આપવાની રજુઆત કરી હતી. સન્માનથી ભાવ વિભોર બનેલા ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યાએવિસ્તારના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી રામપીરના મંદિરમાં શેડ માટે પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. વધુમાં તેમણે સામાજીક સમરસતાના પ્રખર હિમાયતી હોવાનું જણાવી નાત જાતનો ભેદ જોયા વગર મત વિસ્તારમાં ગ્રાન્ટ ફાળવી હોવાનું ઉમેરી ભાજપની વિકાસ કૂચ અને સબકા સાથ સબકા વિકાસ સૂત્રને ધ્યાને લઇ આગામી ચૂંટણીમાં ભાજપને જીતાડવાની અપીલ કરી હતી. આ પ્રસંગે દશરથભાઈ સોલંકી,ચંદુભાઈ સોલંકી,ધનજીભાઈ ચૌહાણ,સેંધાભાઈ પુનડિયા, મફાભાઈ પુનડિયા,દિનેશભાઈ પુનડિયા, પ્રકાશભાઈ છત્રાલિયા,રમેશભાઈ છત્રાલિયા સહિત મોટી સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.અંતમાં આભારવિધિ જમાદાર કેવળભાઈ છત્રાલિયાએ કરી હતી.

### અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો છબરડો કે પછી મહાકૌભાંડ..!!

# ઉભરાણના શિક્ષકને પુત્રના વિદેશ અભ્યાસ માટે લોન આપી નથી છતાં લોન ભરપાઈ કરવાની ઉઘરાણી

**અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના જવાબદાર અધિકારીઓને કોર્ટમાં ઢસડી જવાની તૈયારીઓ બાયડ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

માલપુર તાલુકાના ઉભરાણના પ્રા.શિક્ષકે તેમના પુત્રના વિદેશ પ્રવાસ માટે વિભાગમાંથી લોન માગી હતી પરંતુ કોઈપણ કારણોસર લોન આપવામાં આવી ન હતી અને એકાએક શિક્ષકને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થેની લોન, વ્યાજ રકમ ભરપાઈ કરવાની નોટિસ મળતાં શિક્ષક પરિવાર સમસમી ઉઠ્યો છે. અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગની કચેરીના નાયબ નિયામકને ખોટી નોટિસ બદલ કોર્ટમાં ઢસડી જવાની તૈયારીઓ શરુ થઈ

આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના ઉભરાણના પ્રા.શિક્ષક કનુભાઈ મેઠાભાઈ રાઠોડના પુત્ર હિમાંશુ રાઠોડને વર્ષ-૨૦૧૬માં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ઉત્તિર્ણ કર્યા પછી ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જવાનું આયોજન કર્યું હતું. ફિલિપિન્સની એમ.બી.બી.એસ. કોલેજમાં પ્રવેશ મેળવ્યા પછી શિક્ષક પરિવાર દ્વારા અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી-ગાંધીનગર સમા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન માટે જરુરી દસ્તાવેજ સાથે માંગણી કરવામાં આવી હતી પરંતુ વિભાગ દ્વારા ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવામાં આવી ન હતી અને ૬ વર્ષ પછી તેમને નાયબ નિયામક અનસચિત જાતિ કલ્યાણની કચેરી-મોડાસા દ્વારા રજીસ્ટર્ડ એ.ડી થી નોટિસ આપવામાં આવી છે જેમાં જણાવ્યું છે કે આપ શ્રી હિમાંશુ રાઠોડને આ કચેરી તરફથી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે વર્ષ-૨૦૧૬માં ૧૫ લાખની વિદેશ લોન મંજૂર કરી ચૂકવવામાં આવેલ છે પૈકી ચડત રકમની કોઈપણ કમ આપના તરફથી સરકારીમાં ભરપાઈ થઈ નથી. સમય મર્યાદા પૂર્ણ થવા છતાં લોન, વ્યાજની પુન ભરપાઈ થઈ નથી જેથી ઉક્ત રકમ સરકારમાં તાત્કાલિક ચલણથી જમા કરાવવા નોંધ લેશો જો આપના દ્વારા મુદ્દલ, વ્યાજની રકમ સરકારમાં ચલણથી ભરપાઈ કરી હોય અને ચલણ અત્રેની કચેરીમાં મોકલવાના બાકી હોય તો મોકલી આપવા જણાવ્યું છે. નોટિસ મળતાં શિક્ષક ચિંતિત બન્યા છે અને સંતાનના વિદેશ અભ્યાસ માટે લોન મળી નથી તો પછી નોટિસ આવી કેવી રીતે..?? તેવા અનેક સવાલ થઈ રહ્યા છે. વિદેશ અભ્યાસ માટેની લોન આપી નથી છતાં ખોટી રીતે નોટિસ અપાતાં શિક્ષક દ્વારા સામ અધિકારીને કોર્ટમાં ઢસડી જવા માટે કાનૂની મદદ લેવાની શરુઆત કર્યાનું જાણવા મળ્યું.

**વિદેશમાં અભ્યાસ માટે લોન આપવામાં પણ મહાકૌભાંડની આશંકા...**

ઉભરાણના પ્રા.શિક્ષક કનુભાઈ રાઠોડને તેમના સંતાનના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન માગી હતી પરંતુ લોન આપવામાં આવી ન હતી છતાં ૬ વર્ષ પછી તેમને રુ ૧૫ લાખની લોન ભરપાઈ કરવાની નોટિસ મળતાં હડકંપ મચી ગયો છે. વિદેશમાં અભ્યાસ માટે લોન આપવામાં મહાકૌભાંડ આચરાયાની પણ આશંકા છે. વિભાગે કોઈ ભળતા વ્યક્તિને તો લોન પધરાવી દીધી નથી ને..?? તેની પણ તપાસ થવી જોઈએ.

## રાધીવાડમાં શાળાના નવા મકાન માટે ગ્રામજનોએ વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી

**શાળાનું નવું મકાન નહીં તો વોટ નહીંના બેનર લાગ્યાં : નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલનના ભણકારા : ગામમાં રાજકીય પક્ષના નેતાઓએ પ્રવેશ કરવા ઉપર પાબંધી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ ગામે શાળાનું નવું મકાન નહીં તો વોટ નહીંના બેનર લગાવી ગ્રામજનોએ આગામી વિધાનસભા ચૂંટણીનાં બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારતાં હલચલ મચી છે. છેલ્લા ઘણા સમયથી શાળાનું મકાન નનયુઝ થતાં બાળકોને અન્ય ભાડાના મકાનમાં બેસી ખુલ્લામાં અભ્યાસ કરવાની ફરજ પડી રહી હોવાથી ગ્રામજનો રોષે ભરાયા છે. તંત્ર દ્વારા આ મુદ્દે ઝડપથી નિરાકરણ લાવવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનના ભણકારા છે. જાણવા મળ્યા મુજબ તાલુકાના રાધીવાડ ગામની શાળાનું મકાન છેલ્લા ૪ વર્ષથી નાનયુઝ થયું છે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે હાલ કોઈ મની સગવડ નથી. બાળકોને અન્ય ભાડાના મકાનમાં બેસાડી શિક્ષણનું ગાડુ ચલાવવામાં આવી રહ્યું છે જેમાં મોટાભાગે બાળકો ખુલ્લામાં બેસી અભ્યાસ કરતાં હોવાથી ગ્રામજનો સમસમી ઉઠ્યા છે. રાધીવાડ ગામની પ્રાથમિક શાળાનું નવીન મકાન ૪ વર્ષથી નનયઝ હોવા છતાં નવું મકાન બનાવવામાં આવ્યું ન હોવાથી સમસ્ત રાધીવાડ ગામના મતદારો દ્વારા ૨૦૨૨ ની આગામી વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.




ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કાર અંગેના બેનર લગાવવામાં આવ્યા છે જેમાં સ્કુલનું નવીન મકાન નહીં તો વોટ નહીં, ગામમાં કોઈપણ રાજકીય પક્ષના નેતાઓએ પ્રવેશ કરવો નહીં તેવા બેનર લગાવી આક્રોશ વ્યક્ત કરતાં હલચલ મચી છે. સરકાર દ્વારા શાળામાં ભૌતિક સુખ-સુવિધા ઉભી કરવાની સાથે જર્જરીત શાળાઓને લાખો રુપિયાની ગ્રાન્ટ ફાળવી આધુનિક શાળાઓ તૈયાર કરવામાં આવી રહી છે પરંતુ કોઈપણ કારણોસર રાધીવાડની નાનયુઝ શાળાનું નવું મકાન તૈયાર કરવા મુદ્દે ઠાગાઠેયા થતા આવ્યા છે જેના કારણે હવે ગ્રામજનોની ધરપત ખૂટી છે અને સમસ્ત રાધીવાડ ગામ દ્વારા આગામી વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાના બેનર લગાવવામાં આવ્યા છે. જ્યારે ગામમાં કોઈપણ રાજકીય પક્ષના નેતાઓએ પ્રવેશ કરવો નહીં તેવી પણ બેનરમાં સૂચના અપાઈ છે.

## "એક નવા યુગની શરૂઆત કરવા જઈ રહેલા કેજરીવાલ સાહેબ..."

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?**

બાયડ તા.૨૯

ધન્ય છે આ ભૂમિને કે જેમાં સમય સમયે એક નવા યુગની શરૂઆત કરનાર મહાપુરુષોને તે જન્મ આપે છે!! હવે ભારત એક એવા સમયમાંથી પસાર થઈ રહ્યું છે કે એક નવો ચીલો અને એક નવી પરંપરાની ભેટ આપવાની શરૂઆત થઈ ચૂકી છે. આ નવી પરંપરાના સ્થાપક પુરુષ એટલે કેજરીવાલ સાહેબ!! ભારતની જનતા માટે આનંદની વાત છે કે હવે જનતાને જીવન જીવવા માટે ખાસ પરિશ્રમની આવશયકતા જ નહીં રહે... બધું મફત મફત અને મફત!! હા, તમને મોજશોખ અને લકઝરી લાઈફથી જીવવું હોય તો એ તમારી મરજી અને તો જ તમને વિશેષ મહેનત કે કામધંધો કરવો પડશે, બાકી સામાન્ય જનજીવન માટે કંઈજ કરવાની જરૂર નહીં રહે.... ભાઈ આને કહેવાય સાચો વિકાસ!!

અત્યારસુધી ભારતના વિવિધ રાજકીય પક્ષોની સરકાર જે નથી કરી શકી તે આમ આદમી પાર્ટીની સરકાર કરવા જઈ રહી છે. જીવવા માટે શું જોઈએ?? રાશન, પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય આવી તમામ જરૂરિયાતની પૂર્તિ "આમ આદમી પાર્ટી" નિઃશુલ્ક કરવાની જાહેરાત કરતી રહેલી છે અને પોતાની મંજિલ ઉપર આગળ વધતી રહેલી છે!! ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતની જનતા માટે બીજી એક મસ્ત રસગુલ્લા જેવી ગળચટ્ટી જાહેરાત સોમનાથ મંદિરેથી કેજરીવાલ સાહેબ દ્વારા કરવામાં આવી કે જો સત્તામાં આમ આદમી પાર્ટી આવશે તો દરેકને નોકરી આપશે અને નોકરી નહિ આપી શકે તો દરેક બેકાર યુવાનને રૂ ૩૦૦૦ દર મહિને આપશે!!' છે ને ગુજરાતીઓ માટે ખુશખબર... જીવવા માટે બધુજ મફત હતું હવે ખાલી પાન- પડીકી- તમાકુ ની પણ યુવાનોને ચિંતા નહિ રહે.

ખાવા પીવા દવાખાનું ભણવાનું મફત હોય સાથે સાથે રૂપિયા ૩૦૦૦ લાડમાં મળે તો યુવાન શુ કામ પરિશ્રમ કરે?? છે ને આમ આદમી પાર્ટીની જોરદાર જાહેરાત....તમારે એક સંતાન હોય કે બે હોય તો પણ ચિંતા કરવાની જરૂર નથી.... અરે, જે લોકોને આઠ દસ સંતાનો હોય તેમને આ લાભ નહિ મળે એવી કોઈ ચોખવટ નથી કરી એટલે તેઓને પણ આ તમામ મફતના લાભ ખુશી ખુશી 'આમ આદમી પાર્ટી' આપશે!! મને તો એક નવા યુગની શરૂઆત થતી હોય તેવું લાગી રહ્યું છે ... એક મફતીયો યુગ!! સૃષ્ટિ ઉપરના મહાપુરુષો કર્મની શિખામણ આપતા હતા પણ આજના આ મહાપુરુષ બધું મફતમાં આપવાની વાત કરે છે.... જોડે જોડે વિકાસની વાતો પણ થાય છે એટલે હવે યુવાનોને જોવાનું રહ્યું કે તેઓએ મફતનું લઈને બેસી રહેવું કે પછી કામધંધે વળવું??

આગળની જવાબદારી કેજરીવાલ સાહેબની નથી, તેમનાથી થઈ શકે તેવી તમામ જાહેરાત તેઓ કરતા રહ્યા છે.... જુવો ભાઈ દેવું વધે કે ઘટે એ સરકારનું વધવાનું છે પ્રજાને તો જલસે જલસા જ છે ને? નવા યુગના યુગપુરુષની જાહેરાતોનું સુખદ પરિણામ મળે છે કે પછી દુઃખદ એ અત્યારે હું કે તમે કોઈ ના કહી શકીએ પણ એટલું જરૂર કહી શકીએ ૧૦ વર્ષ પછી તેમનું પરિણામ જરૂર દેખાશે!! જય હો "આમ આદમી પાર્ટી".... "જય હો કેજરીવાલજી" હમણાં તો તમે મસ્ત મીઠી લ્હાણી કરી દીધી...

# પુરુષમાંથી કિન્નર બનાવવાની વિધિમાં જનસમુદાય ઉમટયો

**હિંમતનગરમાં યુવાનને પીઠી ચોળાઈ, મનિષમાંથી સુહાની બની**

(તસ્વીર-પ્રવિણ પટેલ)







**(હિંમતનગરના ગીરધરનગરમાં એક પરિવારના આંગણે શ્રાવણ માસની પૂર્ણાહુતિની પૂર્વ સંધ્યાએ લગ્નના ઢોલ ઢબુક્યા, શરણાઈની ગુંજ સંભળાઈ, લગ્નગીતો ગવાતા રહ્યા પરંતુ રસ્તે જતા લોકોને વરરાજા કે જાનૈયા દેખાયા નહીં પરંતુ અહીંયાં લગ્નનાં અવસર નહીં પરંતુ હિંમતનગરના મનિષ કિન્નર સમાજમાં સામેલ થવા જઈ રહ્યો હતો તેની પીઠી ચોળાઈ રહી હતી અને તેના શુભ અવસરના ગીત સંભળાતા હતા. મનિષ હવે મનિષમાંથી સુહાની માસી બની ગયો છે).**

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૯

હિંમતનગરના ગીરધરનગર વિસ્તારમાં લગ્ન પ્રસંગ જેવો અવસર હતો અહયાં કોઈ જાન ન હતી. લગ્નના ગીતો ગવાતા હતા પરંતુ વરરાજા ક્યાંય દેખાતા ન હતા. શહેરમાં પુરુષમાંથી કિન્નર બનાવવાની અનોખી વિધિ યોજાઈ જેમાં આ વિસ્તારનો મોટો જનસમુદાય સામેલ થયો હતો. હિંમતનગરના મનિષ નામનો યુવાન સુહાની બન્યો અને તેને વાજતે ગાજતે લેવા માટે શહેરના કિન્નર સમાજ આંગણે પધાર્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર કિન્નર સમાજથી હવે લગભગ મોટાભાગનાં જનસમુદાય અવગત છે. ચૂંટણીપંચે પણ કિન્નર સમાજને થર્ડ ઝેન્ડર તરીકે મતદાર યાદીમાં આગવું સન્માન આપ્યું છે ત્યારે હિંમતનગરના ગીરધરનગરમાં રહેતા મનિષ નામના યુવાનના વાણી અને વર્તનમાં છેલ્લા ઘણા સમયથી બદલાવ જોવા મળ્યો. તેનામાં ધીરે ધીરે કિન્નરના લક્ષણો જોવા મળ્યા જેથી તેની માતાએ કિન્નર સોનલદે નો સંપર્ક કર્યો અને તેમનો દિકરો મનિષ કિન્નર બની ગયો છે જેથી તેને કિન્નર સમાજમાં આવકારવા માટે વિનંતી કરી. આખરે હિંમતનગર શહેરના કિન્નર સમાજે તેમાં સહમતી આપતાં શક્રવારે વાજતે ગાજતે યુવાનને પીઠી ચોળવામાં આવી. કોઈને એવું લાગ્યું કે તેના લગ્ન હશે અને લગ્ન ગીતો પણ ગવાયાં પરંતુ અહીંયાં કોઈ જાન લઈને આવ્યું ન હતું કે જાન જવાની પણ ન હતી પરંતુ મનિષમાંથી સુહાની બનેલા એક પુરુષને કિન્નર બનાવવાની અનોખી વિધિ હતી. જ્યારે કિન્નર સમાજે કિન્નર બનેલા મનિષને નવું નામ સુહાની માસી આપ્યું કે તેની આગવી ઓળખ બનશે.

## પાલનપુર સિવિલના તબીબને છુટા કરતાં સુપ્રિન્ટેન્ડન્ટને જાનથી મારી નાંખવાની ધમકી આપી

**ઓર્થોપેડીક વિભાગમાં જુનીયર રેસીડેન્ટ તબીબને ગેરવર્તણૂકને કારણે છુટા કરાયા હતા**

પાલનપુર તા. ૨૯

પાલનપુર સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં જુનીયર રેસીડેન્ટ તબીબને ગેરવર્તણૂકને કારણે છુટા કરાયા હતા. જેનુ મનદુઃખ રાખી સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટના વિરૂધ્ધમાં સોશિયલ મિડિયા ઉપર પોસ્ટ નાંખી હોસ્પિટલમાં જઇ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પાલનપુર સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં જુનીયર રેસીડન્ટ તરીકે ફરજ બજાવતાં તબીબ પાટણ જીલ્લાના સિધ્ધપુર તાલુકાના ડીંડરોલના હાલ પાલનપુરના મહેશકુમાર વિરસંગભાઇ ચૌધરીને તેમની વર્તણૂકના કારણે મેનેજમેન્ટે સંસ્થામાંથી ફરજ મુકત કર્યા હતા. જેનું મનદુઃખ રાખી તેમણે પોતાના મોબાઈલથી સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. સુનીલ જોષીના વિરૂધ્ધમાં સોશિયલ મિડીયામાં અભદ્ર અને અપમાનજનક પોસ્ટ વાયરલ કરી હતી. તેમજ હોસ્પિટલમાં જઇ તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ડો. સુનીલ જોષીએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## અરવલ્લીમાં સ્પાઈનલ મસ્ક્યુલર એસ્ટ્રોપીથી પીડાતા બાળકને રૂા.૧૬ કરોડના ઈજેક્શનની જરૂર

**ટીંટોઈના દૈવિકને ધર્યરાજને હતી તે બિમારીઃ આર્થિક મદદ માટે પરિવારે ગુહાર લગાવી**

બાયડ (બૂરો ઓફિસ), તા.૨૯

અરવલ્લી જિલ્લાના ટીંટોઈમાં સોની પરિવારના ૫ મહિનાનો દૈવિક સ્પાઈનલ મક્યુલર એસ્ટ્રોપી નામના રોગમાં સપડાયો છે. બાળકને બચાવવા માટે રુ ૧૬ કરોડના ઈજેક્શનની તાતી જરુરીયાત હોવાથી પરિવારે આર્થિક મદદ માટે સોશ્યલ મીડીયામાં ગુહાર લગાવી છે. અગાઉ ધર્યરાજને જે બિમારી હતી તે બિમારીમાં ઘરનાં કુળદિપક સપડાતાં મધ્યમ વર્ગીય સોની પરિવાર માટે રુ ૧૬ કરોડ ખર્ચી ઈજેશન ખરીદવું મુશ્કેલ હોવાથી એન.જી.ઓ. દ્વારા દૈવિકના નામનું બેક્ર ખાતું બનાવી ઈજેશન ખરીદવા માટે ભંડોળ એકત્ર કરવા માટે અભિયાન શરુ થયું છે.



અમદાવાદના રાજપૂત પરિવારના કુળદિપકને થોડાક સમય અગાઉ ગંભીર ગણાતી સ્પાઈનલ મસ્કયુલર એસ્ટ્રોપીની બિમારી લાગુ થઈ હોવાથી ૨ ૧૬ કરોડના ઈજેશનથી તેનો જીવ બચી શકે તેમ હોવાથી સોશ્યલ મીડીયામાં ધર્મરાજ માટે મોહીમ ચલાવવામાં આવી પરિવાર માટે અસહ્ય ગણાતી કરોડોની રકમ એકત્ર કરવામાં આવી હતી. હવે અરવલ્લી જિલ્લામાં પણ સોની પરિવારના ૫ મહિનાનું બાળક પણ આવી બિમારીમાં સપડાયો છે. મોડાસા તાલુકાના ટકોઈના વતની અને અરવલ્લી જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં કરાર આધારીત કાઉન્સેલરની ફરજ બજાવતા દેવાંગભાઈ બિપીનભાઈ સોનીના ત્યાં પુત્ર રત્નનો જન્મ થતાં પરિવારમાં આનંદ છવાયો હતો. પરંતુ જન્મના થોડાક સમયમાં જ દૈવિકના સ્નાયુઓ યોગ્ય રીતે કામ કરતા ન હોવાથી પરિવારે અમદાવાદ સ્થિત ખાનગી તબીબને ત્યાં પુત્રને લઈ ગયા જ્યાં જરુરી ટેસ્ટ પછી ૫ મહિનાના દૈવિક સ્પાઈનલ મક્યુલર એસ્ટ્રોપી નામનો રોગ હોવાનું નિદાન થતાં સોની પરિવાર ઉપર આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. બાળકને આ ગંભીર બિમારીથી બચાવવું હોય તો રુ ૧૬ કરોડના ઈજેક્શનની તાત્કાલિક જરુર હોવાથી આટલી મોટી રકમ મધ્યમ વર્ગીય પરિવાર ખર્ચા શકે તેવી કોઈ સ્થિતિ જ ન હોવાના કારણે આખરે બાળકનો જીવ બચાવવા માટે આર્થિક મદદ કરવા માટે દાતાઓ સમકા પરિવારે ગુહાર લગાવી છે. કેટલાક મિત્રો અને સોની પરિવારના હિતેચ્છુઓએ ગંભીર સ્થિતિ જાણી એન.જી.ઓ.ના માધ્યમથી દૈવિકના નામનું બેક્ર એકાઉન્ટ ખોલી દાતાઓ દ્વારા દાન એકત્ર કરવા માટે અભિયાન શરુ કર્યું છે. શરુઆતથી જ દાતાઓનો સારો સહયોગ મળ્યો છે પરંતુ વધુમાં વધુ દાતાઓ દૈવિકનો જીવ બચાવવા માટે આગળ આવી રુ ૧ કરોડનું ઈજેક્શન ખરીદી શકાય તે રીતે આર્થિક મદદ કરે તેવી પરિવારે આશા રાખી છે. અમદાવાદના ધર્યરાજ માટે જબરજસ્ત અભિયાન સોશ્યલ મીડીયાના માધ્યમથી શરુ થયું હતું અને રુ ૧૬ કરોડની રકમ એકત્ર કરવા માટે નાત-જાતના ભેદભાવ ભૂલી સૌ કોઈ દાન માટે આગળ આવ્યા હતા ત્યારે અરવલ્લીના દૈવિક માટે પણ દાતાઓ આગળ આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

**રૂા. ૧૬ કરોડનું ઈજેશન ખરીદવું મારા માટે અશક્ય, દાતાઓ આગળ આવશે – પિતાની વ્યથા**

મોડાસા તાલુકાના ટેટોઈના સોની પરિવારના ૫ મહિનાનો દૈવિક ગંભીર ગણાતી સ્પાઈનલ મક્યુનલ એસ્ટ્રોપીની બિમારીમાં સપડાયો છે. બાળકનું જીવન બચાવવા માટે ૧૬ કરોડના ઈજેશનની જરુર ઉભી થઈ છે. બાળકના પિતા દેવાંગભાઈ સોનીએ જણાવ્યું હતું કે આટલી મોટી ખર્ચી ઈજેક્શન ખરીદવું મારા માટે અશક્ય છે. વૈર્યરાજને જે રીતે ઈજેક્શન માટે આર્થિક મદદ કરવામાં આવી હતી તે રીતે મારા બાળક માટે પણ દાતાઓ આગળ આવશે તેવો મને વિશ્વાસ છે.